શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in

વર્ષ : ૩૬ • અંક : ૧ • પાના : ૨૪ | તંત્રી : ભરત કે. સતિકુંવર | જાન્યુઆરી – ૨૦૨૫ | મૂલ્ય : રૂા. ૧૨/–


## પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભેચ્છા

|| જય શ્રી રાંદલ મા ||

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા અને તેમના ધર્મપત્ની સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાયા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાયા

# શુભ લગ્ન પ્રસંગે હાર્દિક શુભેચ્છા





શ્રીનાથજી બાવા, શ્રી કુળદેવી માતાજી તથા સુરાપુરા આપા અને વડીલો ના આશીર્વાદથી રાણાવાવ નિવાસી સ્વ. જયાબેન ધીરજલાલભાઈ તથા સ્વ. ધીરજલાલભાઈ ભગવાનજીભાઈ પટ્ટણી (જગડા) અને સ્વ. મંજુલાબેન ધનસુખભાઈ તથા શ્રી ધનસુખભાઈ ભગવાનજીભાઈ પટ્ટણી (જગડા) ના સુપૌત્રી તે શ્રીમતી દક્ષાબેન અજયભાઈ તથા શ્રી અજયભાઈ ધીરજલાલભાઈ પટ્ટણી (જગડા)ના સુપુત્રી

**ચિ. ડૉ. ભક્તિ** (M.D. Gynec) ના શુભલગ્ન **ચિ. ડૉ. હર્ષિલ કુમાર** (M.S.ortho , D.N.B.)

તેઓ અમદાવાદ નિવાસી ગં.સ્વ. સવિતાબેન રસિકલાલભાઈ તથા સ્વ. રસિકલાલભાઈ નાનાલાલભાઈ સોની ના સુપૌત્ર તથા શ્રીમતી ડૉ. મનીષાબેન અમરિશભાઈ અને ડૉ. અમરિશભાઈ રસિકલાલભાઈ સોની ના સુપુત્ર સાથે વિક્રમ સંવત ૨૦૮૧ કારતક વદ એકમ ને શનિવાર, તા. ૧૬–૧૧–૨૪ ના શુભ દિને ચૌકી ઢાણી (કેસર ઢાણી) રિસોર્ટ રાજકોટ મુકામે આનંદસહ સંપન્ન થયેલ છે તે શુભપ્રસંગે નવદંપતીને શુભ આશિષ સહ શુભકામના...

લી. ભૃગુરાજ અજયભાઈ પટ્ટણી તથા પટ્ટણી પરિવાર – રાણાવાવ

ડૉ. શાલીન અમરિશભાઈ સોની તથા સોની પરિવાર – અમદાવાદ

## અભિનંદન






શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા સેક્રેટરી શ્રી ચેતનભાઈ ઝવેરી, ખજાનચી, શ્રી તરૂણભાઈ સોલંકી, તંત્રી શ્રી ભરતભાઈ સતિકુંવર, સમિતિ સભ્યો શ્રી નટુભાઈ સતિકુંવર, શ્રી તુષારભાઈ ધકાણના હસ્તે કેન્દ્રીય મંત્રી ઉત્તર મુંબઈના સાંસદ શ્રી પિયુષભાઈ ગોયલ અને બોરીવલી વિધાનસભાના આમદાર (MLA) શ્રી સંજયભાઈ ઉપાધ્યાયનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે શ્રીમતી નીલાબેન સોની, નિરવ મહેતા, સુરેન્દ્ર ગુપ્તા સહીત પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જ્ઞાતિ ગૌરવ

આપણા સમાજની વિભૂતિ સ્વ. શ્રી રામજીભાઈ સગાળભાઈ મીનાવાળા-મૂળ ગામ ચલાળા (મુંબઈ) ને મુંબઈ સુવર્ણકાર સંઘ દ્વારા મરણોપરાંત 'સુવર્ણ રત્ન'નું બિરૂદ અર્પણ કરવામાં આવ્યું જે તેમની દોહિત્રી સ્મિતાબેનએ સ્વીકાર્યું હતું. સ્વ. શ્રી રામજીભાઈએ હર હંમેશ સમાજ/જ્ઞાતિનું હિત વિચાર્યુ છે અને તે દીશામાં જ કાર્ય કર્યુ છે. સોનીકામ કરતા વર્ગના માટે અધિકારીઓ તરફથી અવારનવાર થતી કનડગતને ધ્યાનમાં રાખી મુંબઈ સુવર્ણકાર સંઘની સ્થાપના કરી હતી.



# હાર્દિક આભાર

## શ્રી દીપ દિલીપભાઈ સતિકુંવર

ગામ મહુવા (હાલ ભાઈંદર) તરફથી

શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) 'એજ્યુકેશન ફંડ'માં

રૂા. ૪૧,૦૦૦/– (અંકે રૂપિયા એકતાલીસ હજાર)ની

માતબર રકમ દાન સ્વરૂપે અર્પણ કરેલ છે.

'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'

તેમનો અંતઃકરણથી

આભાર વ્યક્ત કરે છે.

*'કોણ કેટલું દાન આપે છે એ નહીં,*
*પણ આપે છે એ જ મહત્વનું છે'*

'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'

સર્વે દાતાઓ અને જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કરે છે કે

આપના સાથ–સહયોગથી અને સોનીવાડી સંસ્થાના માધ્યમથી

જરૂરીયાતમંદ સુધી યોગ્ય સમયે યોગ્ય સહાય પહોંચે છે.

|| જય માતાજી ||

*લોકોને સ્થાપિત વસ્તુઓની આદત પડી જાય છે માટે પરિવર્તનના વિચારથી કાંપે છે.*
*- ભગત સિંહ*


શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી :
**ભરત કે. સતિકુંવર**

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖


**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**

લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


- *અભિનંદન - જ્ઞાતિ ગૌરવ*
- *દાન બદલ હાર્દિક આભાર*
- *તંત્રી સ્થાનેથી....*
- *મારુ ધ્યેયઃ વિચારોમાં ક્રાંતિ*
- *સોળ સંસ્કાર (ભાગ-૨)*
- *આવકાર*
- *નવમો વાર્ષિક પાટોત્સવ - થડેશ્વર પરિવાર*
- *ભણતરની સામે વળતરનો દાવો*
- *તમે કોઈના પણ માટે ભગવાન થઈ શકો છો!*
- *ભેટની યાદી*
- *શ્રધ્ધાંજલિ*




## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબદ્ધ છીએ.

– કારોબારી કમિટિ


'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર



*તંત્રી સ્થાનેથી....✍*

# આધુનિકતા કે અધોગતિ

પહેલાના સમયમાં અનેક સુવિધાઓ વગર લોકો આનંદ સાથે જીવન જીવી રહ્યા હતા, તે સમયે સહુથી વધુ ધ્યાન સારા અને પૌષ્ટીક ભોજન પર આપવામાં આવતું હતું, ત્યારબાદ સારો પહેરવેશ એ પણ એવો કે જે તમારી ઓળખ હતો. એ સાથે વિશેષ કદી શકાય તે એટલે સંયુક્ત પરિવાર, પરસ્પર લાગણી, ત્યારે કહેવાય 'પહેલો સગો પાડોશી' આ બધુ ત્યારના માનવ જીવનની લાંબી આવરદામાં મહત્ત્વની ભૂમિકા ધરાવે છે.

આજે એટલે કે અમુક સમય પહેલા મોબાઈલનો ભારતમાં પ્રવેશ થયો (આપણે આપણા દેશની જ વાત કરીશું) ત્યારથી ભોજનની ગુણવત્તા, મર્યાદા સાથેનો પહેરવેશથી વધારે મહત્ત્વ મોબાઈલ ફોન કેટલો મોંઘો અને કંઈ કંપનીનો છે એ મહત્ત્વનું બની રહ્યું છે. પહેલા એકબીજાનો હાથ પકડી આગળ વધતા જ્યારે આજે આંગળીના ટેરવે મોબાઈલના માધ્યમથી સંબંધ સાચવવાના પ્રયત્નો થાય છે. કોરોના કાળ પછી જાણે વોટસએપ ને ઘરમાં વડીલનું સ્થાન મળી ગયું હોય. કોઈપણ આમંત્રણ નિમંત્રણ કે સારા-નરસાં સમાચાર વોટસએપથી જ મોકલવામાં આવે છે. પહેલા બે-ત્રણ મહિને હોટલમાં જમવા જતા પછી અઠવાડીએ એકવાર અને આજે અઠવાડીએ ફક્ત એકવાર ઘરે બનતું હોય છે. 'જય હો સ્વીગી-ઝોમેટો'.

મોબાઈલ ખરાબ નથી પણ લોકો તેના ઉપયોગના સ્થાને દૂરઉપયોગ કરી સ્વયંને નુકસાન કરી રહ્યા છે.

હાલની એક સત્યઘટના રીક્ષા સ્ટેન્ડ પરથી એક બહેન પોતાના લગભગ ૬ કે ૭ વર્ષના દિકરાને સ્કુલમાં મૂકવા રીક્ષામાં બેઠા ત્યારે મોબાઈલમાં એટલા વ્યસ્ત હતા કે રીક્ષા અડધો કિલોમીટર આગળ પહોંચી પછી તેને યાદ આવ્યું કે દિકરાને તે રીક્ષા સ્ટેન્ડ પર જ ભૂલી ગયા છે. (આ ઘટનાનો સાક્ષી હું સ્વયં જ છું.)

**''પ્રજાસત્તાક દિવસ – ૨૬મી જાન્યુઆરીની સર્વ જ્ઞાતિજનોને શુભકામનાઓ''**

**– ભરત કે. સતિકુંવર**

# મારુ ધ્યેયઃ વિચારોમાં ક્રાંતિ

મારા વ્હાલા વાચકોને શત્ શત્ પ્રણામ...

સૂરજ કહે છે મારી જેમ જાગો, આકાશ કહે છે મારી જેમ વિશાળ હૃદય રાખો, લક્ષ ઊંચું રાખો. હવા કહે છે મારી જેમ સર્વોને ભેદભાવ વગર જીવન આપો, તાજા રાખો. જળ કહે છે મારી જેમ વહેતા રહો. આવી રીતે પ્રકૃતિ આપણને કોઈને કોઈ સંદેશો આપે છે, પરંતુ યાદ રહે આપણી જીંદગીમાં માત્ર સૂર્યના ઉગવાથી સવાર નથી થતી, વિચારોના સતત પરિવર્તનથી નવો દિવસ ઉગે છે. જીવન પ્રકાશમય બને છે. હાલનો જે સમય ચાલી રહ્યો છે લગભગ ઘણા લોકો કંઈક ને કંઈક સમસ્યાઓથી ઘેરાયેલા રહેતા હોય છે. આર્થિક, માનસિક, સામાજીક, શારીરિક વગેરે વગેરે... આ આવે છે ત્યારે એકસાથે નથી આવતી પોતાની બહેનોને સાથે લેતી આવે છે. એકબીજાથી એટલી જોડાયેલી છે કે તમને ફક્ત એક જ જોતી હોય, ત્રણ ન જોતી હોય તો પણ આવે છે. સવાલ છે તેમાંથી બહાર આવવું કેવી રીતે?

થોડી કોશીશ કરીએ... સમસ્યા હમેશા સમાધાન પણ બતાવે છે. જરૂરત છે સંપૂર્ણ પણે હકારાત્મક વિચારો રાખવાની. દીલ-દીમાગના દ્વાર ખુલ્લા રાખવાની, સમાધાન મળશે જ ૧૦૦% ખાત્રી સાથે યાદ રાખવા જેવી થોડી વાતો.

★ દુઃખ વહેંચવાથી ઘટે છે, સુખ વહેંચવાથી વધે છે.

★ પરિવારની એકતા પરિવારની તાકાત છે.

પરિવારના બધા જ સભ્યો પૂરા દિવસ પછી ફક્ત એક કલાક પણ સાથે બેસી સુખ-દુઃખની વાતોની આપ-લે કરી શકે છે. અડધી સમસ્યાઓનો રસ્તો તો આમાંથી જ મળી શકે તેમ છે.

દરરોજ નહી તો અઠવાડિયાના બે દિવસ તો એવા હશે જ જ્યારે આ સમય સાથે ગાળી શકાય.

ઘરના બધા જ સભ્યોમાંથી એક પણ સભ્ય જો ચીડચીડ કરે, ગુસ્સે થાય... અથવા સાવ ગૂમસૂમ થઈ જાય તો તરત જ જાણો શું કારણ છે. તેની સાથે શું થયું છે? શા માટે તે આમ વર્તન કરે છે? પહેલાના સમયમાં માતા હતી જે નોકરી કરવા બહાર જતી નહી તેથી તે સર્વેનું ધ્યાન રાખતી, પરંતુ આજે સમય બદલાયો છે. સ્ત્રીઓ, બહેનો બહાર નોકરી કરવા જાય... કદાચ અજાણતા તેનું ધ્યાન ન પણ જાય હમેશાં નહી પણ ક્યારેક...

★ પરિવારના બધા જ સભ્યો એકબીજાનું માન-સન્માન જાળવે તે ખૂબ જ જરૂરી છે.

★ સંતાનોને વારસામાં સંપત્તિની સાથે સાથે સંબંધોનું મહત્ત્વ આપો. સંબંધોનું સુખ શું છે તે સમજાવવું જરૂરી છે.

★ સંબંધોને જોડવા-મજબૂત બનવા વર્ષો લાગે છે પણ તૂટતા એક સેકંડ નથી લાગતી.

★ સંબંધોમાં સંપૂર્ણ ઈમાનદારી, વિશ્વાસ ખૂબ જરૂરી છે જેનાથી સંબંધ ખીલી ઉઠે...

ફરી મળીશું, આવતા અંકમાં...

**– નીતા જયપ્રકાશ સુરૂ**

આપણા શાસ્ત્રમાં 'સોળ સંસ્કારો' વર્ણવ્યા છે. સંસ્કાર હંમેશા માતા-પિતા, કુળ, કર્મ અને ધર્મને આધિન હોય છે. દરેક પેઢીએ વિચારસરણી બદલાય છે. આધુનિક, અનુઆધુનિક વિચારધારા અપનાવાય છે. પણ સંસ્કાર હંમેશા એ જ રહે છે. આવી જ સંસ્કારોની વાત તેમજ સામાજિક વિધિઓની વાત. વિધિસર પુસ્તકરૂપે પ્રગટ થયું છે. જેનું નામ જ છે, ''સરલાબેનના સોળ સંસ્કાર'' આ પુસ્તકનાં લખનાર છે - સ્વ. સરલાબેન કાંતિલાલ હિરાણી ધકાણ - (ગામ લાઠી, હાલ-મુંબઈ) ધકાણ પરિવારના સરલાબેન પિયર પક્ષે દેવરાજભાઈ કાંથડભાઈ ચોકસીનાં દિકરી થાય.

**સંકલન : જ્યોતિ હિરાણી**



# સોળ સંસ્કાર (ભાગ-૨)



## મામાટની ભરવાની યાદી

★ મગ થોડા, સવા રૂપિયો, પાંચ ખારેક, ૧ શ્રીફળ, પાંચ સોપારી, હળદરના ગાંઠિયા નંગ ૫, પાંચ ખડીસાકર, હળદરના ગાંઠિયા સીધા ન લેવાય, ૨૫ મગના પાપડ, નાડાછેડી, ૨ શ્રીફળ (પાનેતરમાં બાંધવા માટે) ૨ાા કિલો ચોખા, ૧૧રૂા.,

★ કંસાર માટે - ૨ાા કિલો પેંડા,
મામટની ભરવાની મિઠાઈ, ૩૧-૫૧ લાડવા, ૩૧ મોહનથાળ,

★ લીલા કલરનું ૧ મીટર સાટીનનું કાપડ, વચમાં સાથિયો કરવો. ને નાડાછેડી વીંટાળી, ૧૦ શેર વજન થવું જોઈએ.

★ ભાતા માટે - ડબામાં ભરવા... એક કિલો લાડવા, એક કિલો મોહનથાળ.

## દીકરીને લગ્નમાં આપવાની વસ્તુની યાદી

★ કંકાવટી (ચાંદીની અથવા કોઈપણ ચાલે)

★ દિવડો, બાજોઠ નંગ ૨, ભાતાનો ડબ્બો, મામાટની કોઠી, કંસારની થાળી, લોટો ને ફૂલગ્લાસ, ઈંઢોળી, નાળિયેર (મોતીનું), કંકાવટીમાં સહેજ કંકુ ભરવું, કોથળી, સૂડી, સોપારી, તજ, લવીંગ, એલચી, એમાં ભરવા, કાચ (અરીસો), ટુવાલ, નેપકીન, હાથ રૂમાલ

★ સાસુ ચાકળો, મામાટની કોઠી ઉપરનું લીલું કાપડ સાટીનનું વીંટાળવા ૧ મીટર, વીંટાળવા માટે નેપકીન, નાડાછડી, પહેરામણી માટે કવર, ૧ અણવરને કવર, સાસુ માટે સાડી, ૧ નીવૈદના પૈસાનું કવર.

## દીકરાના લગ્નમાં જોઈતી વસ્તુની યાદી

દીકરીના લગ્ન લખવા સવારે (ચઢતા પહોરે), શુભ લગ્ન વધાવવા બપોરે લગન વધાવતી વખતે જોઈતી વસ્તુની યાદી...

★ કંકાવટી, કંકુ, ચોખા, ૧ ડીશમાં સાકર, ચમચી રાખવી, ૧ બાજોઠ, મગ, સાથિયો કરવા માટે અને તે દિવસે સાકરના પડા વહેંચવા.

૧) લગન પડો (વાડીમાં લઈ જવો રૂમાલમાં વીટાળીને ૨) ખેસ, ૩) છેડાબંધણ (૧ મીટર સફેદ કાપડ કેમરીક), ૧ શાલ (મોટી) ને વરમાળા, ૧ લુણ ઉતારવાની ટબુડીમાં, મગ, ૧ સોપારી, પાવલી અથવા સવા રૂપિયો અને જરીવાળા કપડાંથી મોઢું બાંધવું, ટબૂડીનું નાડાછેડીથી.

★ વહુ, દીકરીનું આણું ચૈત્ર મહિનામાં અને ભાદરવામાં ન વળાવાય.

### શુભકામના...

**જીવન...આનંદમય હો... મંગલમય હો...**

લગ્ન જીવનમાં સુખદાયી વર્ષોમાં અવિરત સ્નેહ વરસે, એવી પ્રભુને હૃદયથી પ્રાર્થના...

એકબીજાના સાંનિધ્યમાં પ્રેમ કદી ના ખૂટે એ જ અંતરની આરાધના...

# આવકાર

આપણાં વડવાઓ આહાર-વિહારના કેટલા મોટા નિષ્ણાતો હતા..! એ આ વાંચો પછી ખ્યાલ આવશે.!મલ્ટિનેશનલ કંપનીઓએ આપણને કહ્યું કે, વાળને સિલ્કી બનાવવા અમારું શેમ્પુ ઈસ્તેમાલ કરો અને અરિઠા, શિકાકાઈ છોડો. આજે હવે એ જ કંપનીઓ અરિઠા અને આમળા અને શિકાકાઈ યુક્ત શેમ્પુની કરોડોના ખર્ચે જાહેરાતો ટેલિવિઝન પર આપે છે. આપણે જ્યારે દાંત સાફ કરવા કોલસા કે નમકનો કે દાંતણનો ઉપયોગ કરતાં ત્યારે તોસ્તાન કંપનીઓ ભારતીયોની ઠઠ્ઠા - મશ્કરી કરતી હતી. હવે ...દરેક મલ્ટિનેશનલ કંપનીઓ કરંજ, બાવળ, લવિંગ વગેરેનો અર્ક નાંખીને ટુથપેસ્ટ બનાવે છે ! તેઓ કોલસાવાળી પેસ્ટ પણ બનાવે છે અને દરરોજ આપણને પૂછે છે કે ''આપ કે ટુથપેસ્ટ મેં નમક હૈ?''

હમણાં કોઈ એક સંશોધકે તારણ આપ્યું કે ઘઉંને કારણે પેટ વધે છે, તેમાં રહેલા ગ્લુટેનને કારણે ફાંદ વધે છે. કહેતા ભી દિવાના, સુનતા ડબલ દિવાના .કોઈ ધાનથી એમ પેટ વધતું નથી. માપમાં લો ત્યાં સુધી કશું જ ઝેર નથી. બેશક, બાજરો, જુવાર, મકાઈ જેવા જાડા ધાનનો મહિમા અપરંપાર છે. પણ... તેનો મતલબ એ નથી કે, ઘઉં નકરું નુકસાન કરે છે. સાવધાન રહો! આવા કુપ્રચારથી બચો ! આપણી ફુલકા રોટલી જેવી સુપાચ્ય અને પોષક બ્રેડ આખી દુનિયામાં બીજી એકપણ નથી.

દેશી અને વેસ્ટર્ન કંપનીઓએ આપણને ઉપદેશ આપ્યો કે નમકમાં આયોડિન અનિવાર્ય છે.તેમણે અગર માંથી મીઠું પકવી શેરીઓમાં નમક વેચવા આવતા ફેરિયાઓને બંધ કરાવ્યા જે અનાજ કે રોકડના બદલામાં નમક માંણે(૫ કિલો વજનનું એક માપિયું) ભરી આપતાં.અને કંપનીઓએ તગડો ભાવ નક્કી કર્યો. અમારો સવાલ તો એ છે કે, દરિયાઈ મીઠું - સી સોલ્ટ ખાવાની જરૂર જ શી છે ? આયુર્વેદમાં પણ સિંધાલૂણનો મહિમા છે, અન્ય નમક કરતા આ નમક ગુણમાં પણ બેજોડ છે.અમે તો સગી આંખે યુરોપિયનોને ત્યાંના સુપરસ્ટોરમાં સો-બસો ગ્રામની ડબ્બી માટે ત્રણ-ચાર યુરો (ત્રણસો - ચારસો રૂપિયા) હસતા - હસતા ચૂકવતાં જોયા છે. અહીં એ પહાડી નમક એકસો રૂપિયાનું કિલો મળે છે અને સિંધવ નમક પચાસ-સાંઠ આસપાસનું...પણ આપણને તબિયત સારી રાખતાં આપણા આવા દેશી નમકમાં રસ નથી, બ્લડપ્રેશર હાઈ કરી નાંખતા બ્રાન્ડેડ દરિયાઈ નમક આપણે હોંશે-હોંશે ખરીદીએ છીએ. ઉદાહરણોની અછત નથી , એક શોધશો તો હજાર મળશે.

ચોખાના પૌઆ છોડ્યા આપણે અને કોર્ન ફ્લેક્સ ઝાલ્યા. પૌઆ જેવો હળવો અને નિર્દોષ એકેય નાસ્તો નથી. પણ આપણને કહેવામાં આવ્યું કે, બાળકો જો આ કોર્નફ્લેક્સ ખાશે તો અરબી ઘોડાં જેવા તંદુરસ્ત બની જશે. જાણે પૌઆ - મમરા ખાઈને આપણાં બાળકો લુલાં - લંગડા બની ગયા હોય!

આપણને કહેવાયું છે કે, ' ઈન્ડિયન કરી ઈઝ ટુ સ્પાઈસી...' હવે .. જગત આખું એ જ ભારતીય હર્બ્સ પાછળ ઘેલું છે. એ જ તજ - લવિંગ, મરી - મસાલા, હળદર, મરચું, અજમો, જાયફળ અને જાવંત્રીનો ઔષધિય મહિમા હવે બધા જ સ્વીકારે છે.!!!

કોરોના કાળમાં પણ આ જ આપણાં મસાલા

ઔષધ તરીકે કારગત નિવડી રહ્યાં હતાં. એ આપણે જાણીએ જ છીએ. આપણે સદીઓથી રસોઈમાં હળદરનો ઉપયોગ કરીએ છીએ, હવે આપણને કહેવામાં આવે છે કે, હળદર ખાઈએ તો અલ્ઝાઈમરથી મહદ્ અંશે બચી શકીએ. વૈજ્ઞાનિક પરીક્ષણો નહોતા થયા ત્યારે પણ આપણે હળદરનો ઔષધ તરીકે ઉપયોગ કરતા હતા.હવે મેડિકલ સાયન્સ કહે છે કે, તેમાં કરક્યુમિન નામનું એક ચમત્કારિક તત્ત્વ છે - જે મોટા ભાગના વાઈરસ, બેક્ટેરિયા અને ફંગસ સામે જબરજસ્ત પરિણામ આપે છે.

અમારા ગામમાં વર્ષો પહેલાં અઠવાડિયે એક વખત એક વૈદ્યરાજ આવતા. ટોકન ચાર્જ લઈને તેઓ નાની - મોટી બીમારીનો ઈલાજ સૂચવે. એમની સારવાર પણ એકદમ યુનિક. આપણા રસોડામાં ઉપલબ્ધ હોય તેવી વસ્તુઓ જ દવા તરીકે સૂચવે. કોઈને અજમો લેવાનું કહે, કોઈને મેથી તો કોઈને વરિયાળી, તજ - લવિંગ, એલચી, જાયફળ કે ધાણાજીરુ. લોકો તેમને 'રસોડાં વૈદ્ય' તરીકે જ ઓળખતા. આપણું રસોડું સ્વયં એક ઔષધ કેન્દ્ર હતું, આપણે તેને રોગોનું ઘર બનાવી દીધું.

ફ્રોઝન ફૂડ, પ્રિઝર્વેટિવ ધરાવતા ખાદ્યપદાર્થો અને જાતજાતનાં ફાલતૂ સોસ આપણાં ભોજનનો હિસ્સો બન્યા. અસલી વસ્તુઓ વિસરાતી ગઈ અને સિન્થેટિક પદાર્થો ઘૂસતા ગયા. જરા વિચાર કરો, કહેવાતી ચાઈનીઝ ડિશમાં ચિલી સોસ, ટોમેટો સોસ, ગાર્લિક સોસ વગેરે ઠલવાય છે. સવાલ એ છે કે, શું આપણી ચટણીઓ એ ફ્રેશ સોસ જ ન ગણાય ? આપણે લસણની, મરચાંની, આદુની, કોથમીર - ફુદીનાની ફ્રેશ ચટણીઓ બનાવી જાણીએ છીએ. આ બધી ચટણીઓ એક પ્રકારે એપેટાઈઝરનું કામ પણ કરે છે અને ઔષધનું પણ કરે છે તો પછી આપણને આવા છ-બાર મહિના પહેલા બનેલા અને ભરપૂર કેમિકલ્સ ધરાવતા હાનિકારક સોસની કોઈ જ આવશ્યકતા નથી. પણ, હોંશે હોંશે ચાલ્યા કરે છે.

બદામ - પિસ્તાવાળું દૂધ બાળકોને આપવાને બદલે હવે આપણે ટીનપેક ફૂડ સપ્લીમેન્ટ આપીએ છીએ, ચિક્કાર ફળો ઉપલબ્ધ હોવા છતાં માત્ર ૨૫ ટકા ફળોનો રસ ધરાવતા ટેટ્રા પેક ખરીદીએ છીએ. એક સમયે આપણા ગામના પાદરે સરગવો સાવ રેઢો ઊભો હતો, વડવાઓ તેનાં પાનમાંથી થેપલાં, મુઠિયાં અને સબ્જી બનાવતાં. એ બંધ કર્યું અને આજે એ જ પાંદડાનો પાવડર બે-ત્રણ હજાર રૂપીયે કિલો ખરીદીને ગળચીએ છીએ. કારણ કે, હવે તો નિષ્ણાતો તેનાં ગુણગાન ગાય છે !

યાદ રાખજો, આપણાં વડવાઓ કરતાં મોટા નિષ્ણાંતો બીજા કોઈ નહોતા, અને હજુ પણ કોઈ નથી..!!

**લેખ – 'આવકાર ગ્રુપ' માંથી સાભાર**

---

**<u>પરજીયા સોની સંદેશના વાચકો માટે</u>**

**'પરજીયા સોની સંદેશ'ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ)**

**+91-93244 35547**

**ઉપર આપની વિગત મોકલી શકો છો.**

જય શ્રી ચામુંડા માતાજી || શ્રી ગણેશાય નમઃ || જય શ્રી રાંદલ માતાજી

|| શ્રી સુરાપુરાશ્રી રણછોડઆપા ||



## હાર્દિક નિમંત્રણ



સર્વ થડેશ્વર પરિવારજનો

સ્નેહી સ્વજનશ્રી, ..........................................................................................

**સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી રાંદલ માતાજી ની અસીમ કૃપાથી થડેશ્વર પરિવારના સુરાપુરા પુજય શ્રી રણછોડઆપા ભેસાણ (સોરઠ) મુકામે બિરજમાન છે. દર વર્ષની માફક આ વર્ષે**

# નવમો વાર્ષિક પાટોત્સવ

**સંવત ૨૦૮૧ ના પોષ વદ-૧૨ ને રવિવાર તા. ૨૬-૧-૨૦૨૫ ના રોજ**
સાથે એક દિવસનો હવન પણ રાખવામાં આવેલ છે. મુખ્ય યજમાન પદે
**ઘુઘરાળા સરધારવાળા સ્વ. કાનજીભાઈ પરસોત્તમભાઈ થડેશ્વર**
તરફથી રાખવામાં આવેલ છે. તો આ શુભ અવસરે શ્રી માતાજી તથા સુરાપુરા રણછોડઆપાની સેવાનો તેમજ દર્શન,પ્રસાદનો લાભ લઇને યશભાગી બનીએ તથા સદાયને માટે કુટુંબ પર અમીદ્રષ્ટિનો લાભ લઇએ.

**મહાપ્રસાદનું સ્થળ**
**સુરાપુરા પુજય શ્રી રણછોડ આપાની ડેરીએ રહેશે.**



**ઉતારાનું સ્થળ**
**પારેવડી રીસોર્ટ**
**પરબ મંદિરની બાજુમાં.**

**નિમંત્રક**

શ્રી પરજીયા પટ્ટણી સોની થડેશ્વર પરીવારના સુરાપુરા રણછોડઆપા ટ્રસ્ટ - ભેસાણ

**શુભ સ્થળ**

ઉબેણીયા નાગ તકડા પીપળીયા ગામનો કાચો રસ્તો, રફાળીયા રોડ,
મું. ભેસાણ(સોરઠ), જિ. જુનાગઢ.
શ્રી દિનેશભાઈ જે. થડેશ્વર મો. ૯૪૨૬૮ ૮૫૧૧૫, ૯૯૭૯૯ ૧૨૫૫૭
શ્રી કાળુભાઈ એલ. થડેશ્વર મો. ૯૪૨૬૯ ૩૬૮૮૧

**બેંકની વિગત**

A/c Name : SHRI PARJIYA PATTNI SONI THADESHWAR PARIVAR NA SURAPURA RANCHOD APA TRUST
A/c No. : 40765347105 Bank Name : STATE BANK OF INDIA
Branch : BABARA, AMRELI IFSC CODE : SBIN0060036

# ભણતરની સામે વળતરનો દાવો

મનીષા ભણીને ડૉક્ટર બની ગઈ હતી અને તેને પોતાના ભણતરનું અભિમાન આવી ગયું હતું. તેના મમ્મીને થયું કે હવે મનીષાના લગ્ન કરાવી દેવા જોઈએ. મનીષાના માતા-પિતાએ તેના માટે તેને લાયક ભણેલો અને પૈસેટકે સધ્ધર એવો મુરતિયો પસંદ કર્યો. જેનું નામ મનીષ હતું. સારું મુર્હૂત જોઈને બંનેના ધામધૂમથી લગ્ન થયા.

કોઈપણ પરિવાર ગમે તેટલો સમૃધ્ધ હોય, પણ ઘરના અમુક કામો એવા હોય છે જે સ્ત્રીઓએ જાતે જ કરવા પડતા હોય છે. જેથી કરીને ઘરની સમૃદ્ધિ હંમેશા ટકી રહે. પણ આજકાલની અમુક યુવતીઓ એમ જ માનતી હોય છે કે ઘરમાં નોકર-ચાકર હોય તો પછી એમણે ઘરમાં કામ કરવાની કંઈ જરૂર નથી.

અને ઘરના કામની બાબતમાં જ મોટે ભાગે લોકોના ઘરોમાં ઝઘડા થતા હોય છે. અને પતિ-પત્નીનો સંસાર વિખેરાઈ જતો હોય છે. મનીષાની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું. મનીષાને ઘરના કામ કરવામાં કોઈ રૂચી નહોતી. લગ્નના છ મહિના પછી મનીષનું ઘર છોડીને મનીષા પિયર આવી ગઈ.

**મમ્મી** : ઘરના કામ કરવા ન પડે એટલે તે તારું ઘર છોડી દીધું.

**મનીષા** : તો શું કરું? હું કંઈ ઘરના કામ કરવા ડૉક્ટર નથી બની.

**મમ્મી** : ઘરના કામ કરવા એ તો દરેક સ્ત્રીનો ધર્મ છે. તારું ભણવું અને ડૉક્ટર થવું, એ તારા જીવનની વધારાની બાબતો છે.

**મનીષા** : હું આ બધામાં નથી માનતી. મારે જો ઘરના કામ કરવા પડતા હોય તો મારે મનીષના ઘરમાં નથી રહેવું.

**મમ્મી** : તો હવે તારે શું કરવું છે?

**મનીષા** : હું ડાઈવોર્સ લઈશ. મનીષ પાસે વળતર પણ માગીશ અને ભરણ-પોષણ માટે દાવો પણ કરીશ.

**મમ્મી** : આ તારી અંદર આવા હલકા વિચારો ક્યાંથી આવી ગયા. અમે તને આવા સંસ્કાર તો નથી આપ્યા.

**મનીષા** : વળતર અને ભરણ પોષણ ન માંગુ તો શું કરું. મારે મારા ભવિષ્યની સેફ્ટી તો જોવાની ને.

**મમ્મી** : કોઈના ભરણ-પોષણ પર આધાર રાખીને તારે જીવવું પડે એના માટે તને ડૉક્ટર નથી બનાવી. અભણ સ્ત્રીઓ પણ આજે પોતાનું ભરણ પોષણ જાતે કરી લેતી હોય છે. તારું ભરણ પોષણ તો તું જાતે કરી શકે તેમ છો તો પછી આ બધા નાટક કરવાની શું જરૂર છે.

**મનીષા** : આજે મોટા ભાગના છૂટાછેડાના કેસમાં લોકો આમ જ કરતાં હોય છે.

**મમ્મી** : સમાજની ઘેટાં-બરકાંની ચાલમાં આપણે જોડાવાની જરૂર નથી અને મનીષ પર કોઈપણ જાતનો દાવો કરીને એ લોકોને હેરાન કરવાની જરૂર નથી. તું તારા ભણતરનો ઉપયોગ કર અને તારું ભવિષ્ય જાતે જ બનાવ. આમ પણ આપણા હિંદુ ધર્મમાં છૂટાછેડા જેવી વિધીનો ક્યાંય ઉલ્લેખ નથી. નહિતર જેમ લગ્નવિધી કરાવવા ગોર મહારાજ અને વિધી અને મંત્રોની જેમ જરૂર છે તેવી રીતે છૂટાછેડાની પણ આપણા ધર્મમાં તેની વિધીનો ક્યાંક તો ઉલ્લેખ જરૂર હોત. હું અને તારા પપ્પા તારા આ કામમા તને ક્યાંય પણ મદદરૂપ નહી થઈએ એ તું ધ્યાનમાં રાખજે !

**– શ્રુતિ આર. ધકાણ**

(મો.: 97267 25860)

# તમે કોઈના પણ માટે ભગવાન થઈ શકો છો!

૧૫ સૈનિકોનું દળ તેમના પ્લાટૂન હવાલદારની અગુવાઈમાં એક હિમાલયન પોસ્ટ પર ફરજ બજાવવા જઈ રહ્યું હતું. જ્યાં આગલા ત્રણ મહિના તેમણે વિતાવવાના હતા. તત્કાલિન દળ જેને તેઓ ફરજ પરથી રિલિવ કરવા જઈ રહ્યા હતા. તે તેમની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યું હતું.


(સંગ્રહીત તસવીર)

ઠંડાગાર હેમાળના દિવસો હતા. રહી-રહીને પડી રહેલો બરફ આ કપરા ચઢાણને વધુ મુશ્કેલ બનાવી રહ્યો હતો. પ્લાટૂન હવાલદાર વિચારી રહ્યાં હતા કે અત્યારે આ ઠંડી કાળી રાતે કોઈ એક કપ ગરમ ગરમ ચાની ઓફર કરે તો કેવું સરસ રાત્રીના બીજા પ્રહરનો સમય હતો. એકાદ કલાક આગળ માર્ચ કર્યા પછી તેમના રસ્તામાં એક બદહાલ કેબિન આવી જે ચાની દુકાન જેવી લાગી રહી હતી પણ તેને તાળું લાગેલું હતું. સાથીઓ આજે લાગે છે ચા આપણા નસીબમાં નથી. ચાલતા ચાલતા ત્રણેક કલાક થયા છે. ચાલો બે ઘડી આરામ કરી લઈએ એક સૈનિક બોલ્યો, ''સર આ ચાની દુકાન છે આપણે ચા બનાવી શકીએ તેમ છીએ, બસ તાળું તોડવાની જરૂર છે.'' પ્લાટૂન લીડર દ્વિધામાં હતા. આવું તે કાંઈ કરાઈ પણ અસહ્ય ઠંડી અને બરફવર્ષા વચ્ચે પહાડ પર ચઢી રહેલા, થાકેલા સાથીઓ માટે એક કપ ગરમ ચાનો વિચાર આવતા તેમણે પરવાનગી આપી. સૈનિકોનું નસીબ આજે જોર કરતું હતું એ જગ્યા પર ચા બનાવવાનો બધોજ સામાન હાજર હતા. અને સાથે બિસ્કીટના પેકેટ તો ખરાજ. વરાળ નીકળતી ચા અને બિસ્કીટના બ્રેક પછી સૈનિકો તાજા-માજા થઈને આગળની સફર માટે તૈયાર હતા. હવાલદાર સાહેબે વિચાર્યું તેમણે તાળુ તોડ્યું અને માલિકની પરવાનગી વિના ચા અને બિસ્કીટ લીધા પણ તેઓ કંઈ ચોરોની ટોળી તો નથી પણ શિસ્તબધ્ધ સૈનિકો છે. પોતાના પાકીટમાંથી હવાલદાર સાહેબે એક હજાર રૂપિયાની નોટ કાઢીને કાઉન્ટર ખાંડની બરણી નીચે કાળજીપૂર્વક દબાવીને મૂકે છે. માલિક આસાનીથી તેને જોઈ શકે. આપણો દૈનિક તેના અપરાધભાવથી મુક્તિ અનુભવે છે. તે આદેશ આપે છે શટર બંધ કરો અને આગે બઢો. ત્રણ મહિના વીતી જાય છે. સૈનિકો હિમ્મત અને શૌર્યથી પોતાની ફરજ બજાવે જાય છે. આ ૧૫ જણાની ટીમ નસીબદાર છે કે તેમનામાંથી કોઈએ પણ સખત ઘૂસણખોરીઓના પ્રયાસોની વચ્ચે પણ તેમનો કોઈ સાથી ગુમાવ્યો નથી.


(કાલ્પનિક તસવીર)

હવે એક નવી ટીમ તેમને ફરજમુક્ત કરવા આવે છે. ત્રણ મહિના પછી ફરીથી તેઓ એજ પહાડી રસ્તે પાછા ફરી રહ્યા છે અને ફરી પેલી ચાની કેબિને તેઓ રોકાય છે. આ વખતે દુકાનના માલિક ત્યાં હાજર હતા. દુકાનદાર એક અતિ સામાન્ય પરિસ્થિતિના વયોવૃદ્ધ વ્યક્તિ હતાં અને તેઓ આ સુંદર પહાડ પરની આ નાની દુકાન પર એક સાથે ૧૫ ગ્રાહકોનું સ્વાગત કરી આનંદિત હતા. બધા સૈનિકોએ ચા અને બિસ્કીટ મિજબાની ફરી એકવાર માણી તેમણે એ વયોવૃદ્ધ વડીલ સાથે સુખદુઃખની વાતો આદરી અને આવી એકાકી જગ્યાએ ચા વેચવાના અનુભવો પૂછ્યા. વૃદ્ધની પાસે અનેક કિસ્સાઓ હતા. જે અંતે તેમનો ભગવાનમાં દ્રઢ વિશ્વાસ જતાવતા હતા. ટોળીમાંના એક સૈનિક વ્યંગ કર્યો, ''અરે બાબા, જો ભગવાન હોય તો કેમ એ તમને આટલી ગરીબાઈમાં રાખે?''

એવી વાત ન કરો સાહેબ ભગવાન ખરેખર ક્યાંક તો છે એની ત્રણ મહિના પહેલા જ મને તેની સાબિતી મળી. હું એક કપરા કાળમાંથી પસાર થઈ રહ્યો હતો. કારણ હતું એક દિવસ મારા દિકરા પાસેથી કંઈક માહિતી જે તેની પાસે હતી જ નહી તે કઢાવવા માટે આતંકવાદીઓએ તેને ઢોર માર માર્યો મે મારી દુકાનને તાળું માર્યુ અને ઝડપથી તેને હોસ્પિટલ ખસેડ્યો ડૉક્ટરે અમુક બહારથી લેવાની દવાઓ લખી આપી પણ એ દિવસે મારી પાસે કંઈ પૈસા નહોતા. આતંકવાદીઓના ડરને કારણે મને કોઈ પૈસા ઉધાર આપવા પણ તૈયાર નહોતા. કોઈ જ આશા નહોતી. પછી સાહેબ એ ગોઝારા દિવસે સાહેબ મે પ્રભુને મદદ માટે ગુહાર લગાવી અને સાહેબ ઈશ્વર તે દિવસે મારી દુકાનમાં પધાર્યા. બધી બાજુથી હતાશ થયેલો હું જ્યારે મારી દુકાનમાં પાછો ફર્યો મે જોયું કે દુકાનનું તાળું તૂટેલું હતું. મને લાગ્યું કે હું ખતમ થઈ ગયો. મારી પાસે જે કંઈ થોડુંઘણું હતું તે પણ મે ગુમાવી દીધું. ત્યારે મે જોયું કે ભગવાને એક હજાર રૂપિયા ખાંડની બરણી નીચે મુકેલા છે. તમે માનશો નહીં સાહેબ એ દિવસે એ પૈસાની મારે માટે શું કિંમત હતી. ભગવાનનું અસ્તિત્ત્વ ચોક્કસ છે જ સાહેબ.

તેમની આંખમાંથી અતૂટ વિશ્વાસ છલકતો હતો. આંખોની પંદર જોડીઓ એક સાથે ટીમ લીડરને તાકી રહી હતી અને હવાલદાર સાહેબની આંખમાં ચોખ્ખો આદેશ હતો, ''ચૂપ રહો'' લીડરે ઊભા થઈ અને બિલ ચૂકવ્યું તેમણે વૃદ્ધ માણસને આલિંગન આપ્યું અને કહ્યું, ''હા, બાબા હું જાણું છું, ભગવાન છે અને ચા મજેદાર હતી.'' આંખની પંદર જોડીઓએ તેમના લીડરની આંખો ભીની થયેલી આંખોમાં પ્રથમ વખત અશ્રુઓનો જમાવડો દીઠ્યો.


''સત્ય એ છે કે તમે કોઈના પણ માટે ભગવાન થઈ શકો છો.''

**(સૌજન્ય : એક સૈનિકના મુખે સાંભળેલી...**
**કુપવારા સેક્ટરની એક સત્ય કથા)**

**સંકલન : મનન ભટ્ટ પેટ્ટી ઓફીસર**
**ભારતીય નૌસેના**

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**

**દ્વારા,**




**'૩૨મા સમૂહ લગ્ન' નું આયોજન**

**ગુરુવાર, તા. ૦૧-૦૫-૨૦૨૫ સોનીવાડી ખાતે**

**રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.**

**જરૂરી વિગત સાથે સોનીવાડીમાં સંપર્ક કરવો.**





**સંપર્ક :**

**022-2898 3905 / 2899 9097**

**+91-93244 35547**





# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે**

**યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૧૨–૨૦૨૪ થી ૩૧–૧૨–૨૦૨૪ આવેલ ભેટની યાદી**

### શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) ‘એજ્યુકેશન ફંડ’

૧,૫૦૦/- નાઈરોબી રહેવાસી સોની સૂર્યકાંતભાઈ ચલ્લા વાડીની મુલાકાતે આવતા એજ્યુકેશન ફંડમાં ભેટ

### સ્વ. રતીલાલ કરશનભાઈ ધકાણ–સરસઈવાળા (દુબઈ) ‘આર્થિક સહાય ફંડ’

૨,૧૦૦/- ભાણવડવાળા (હાલ ભાયંદર-ઈસ્ટ) નિવાસી પ્રવીણભાઈ ગોપાલજીભાઈ ધકાણના સુપુત્ર હિરેન પ્રવીણભાઈ ધકાણ શ્રીજી ચરણ પામતા સોનીવાડી સંસ્થામાં પ્રાર્થના સભા રાખતા આર્થિક સહાય ફંડમાં ભેટ અર્પણ.

૨,૦૦૦/- મૂળ ચલાળાવાળા સ્વ. પરાગભાઈ એસ. મીનાવાળાની યાદમાં સોનીવાડીના આર્થિક સહાય ફંડમાં અર્પણ. (હ.: પ્રરીલાબેન પરાગભાઈ મીનાવાળા)

### ખુશીભેટ/વેવિશાળ/શુભ લગ્ન / સીમંત / કર પ્રસંગે ભેટ

૩,૧૦૦/- હલેન્ડાવાળા (હાલ દહિસર) નિવાસી સોની દિનેશભાઈ નરોત્તમભાઈ ચલ્લાની સુપુત્રી ચિ. ભુમિકાના શુભ લગ્ન ચિ. તેજસ પરેશભાઈ જગડા સાથે તા. ૨૩-૧૧-૨૦૨૪ના રોજ થતા સોનીવાડી સંસ્થામાં ખુશી ભેટ.

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને ‘શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી’ સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code પર સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**



સમાજ ને બદલવો સૌથી મુશ્કેલ નથી, પોતાની જાત ને બદલવી સૌથી મુશ્કેલ છે.

## POEM

*Why are we always tied up in the things where we try to come out of our past And*
*Our present try's to dig it again*
*Why are we always tied up in the situation where we want to give up but we can't cause we individually see our future to be better*
*Why we can't move and still stucked in time where time is moving but yet we are not able to move*
*Why we individually want our childhood to come back*
*Why we still remember our school days and wished that they could come back*
*We never realised that how and where did this time went*
*Where we all used to cry and make out a scene and now just to stop the scene we all cry*
*Maturity hits hard when we realised that we all grew up with the time*
*Not having patience for a chocolate till having patience for someone right to come or enter in our life*
*Maturity is tough while understanding*
*But*
*Hard to stay on it*
*why we are always tied up in the things where we try to come out of our past*
*And*
*Our present try's to dig it again*
*We all grew up in this whole life span*

**- Zeel Bhagat**


*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora



*જીવન માં નિસ્વાર્થ લાગણી આવ્યા વિના યોગ્ય અનુશાસન નિર્માણ ન થઈ શકે.*
*- ડો. હેડગેવાર*

## આર્થિક સહાય બાબત

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા આર્થિક સહાય આપવાની હોય, જે લાભાર્થી મેમ્બર હોય તેઓને વિનંતિ કે તમારા રેકોર્ડ અપડેટ કરી રહ્યા છીએ, આ બાબત તમારા લેટેસ્ટ પાસબુક કોપી, ફોટો અને આધાર કાર્ડ ઝેરોક્ષ (ફરજીયાત) સત્વરે સોનીવાડીમા જમા કરાવશો.

## સંસ્થાના સભ્યો જોગ

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી સભાસદોના મેમ્બરશીપ રેકોર્ડ ડિજીટલ કરવાના હોઈ દરેક સભ્યોને વિનંતી કે આપના હાલના સરનામા સાથેના દસ્તાવેજ તથા મેમ્બરશીપ કાર્ડની ઝેરોક્ષ સંસ્થાના કાર્યાલયમાં આપવા વિનંતી. જરૂરી આપવાના દસ્તાવેજ : આધારકાર્ડ, પેનકાર્ડ, લેટેસ્ટ સરનામાના દસ્તાવેજ.

## અગત્યની સુચના

'પરજિયા સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'પરજિયા સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે સભ્યોને 'પરજિયા સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.


## કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યુ છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :
**બીનીતા કાગદડા શાહ – 9833293535**



# *N. H. Beauty Saloon*

*Beautician : Rakhee Hitesh Satikuvar*

✆ 99309 09411 / 79773 34312

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# ⋆ સોની સંદેશ જાહેરાત નવા દર ⋆

| ⁎ એક અંકના જાહેરાત દર ⁎ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ⁎ આખા વર્ષના અંકના જાહેરાત દર ⁎ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ⁎ ટચુકડી જાહેરાત ⁎ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| ⁎ ટચુકડી જાહેરાત ⁎ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.


| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)



એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી* ઓપન કેટરર્સ*





# SONI BANQUET HALL





**આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો**

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ

(* શરતો લાગુ)

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

# ત્રીજી પુણ્યતિથી



* જન્મ *
તા. ૧૨-૦૮-૧૯૩૩

* શ્રીજી ચરણ *
તા. ૧૫-૦૧-૨૦૨૨

## સોની આત્મારામભાઈ માણસુરભાઈ જગડા (ઉ. ૮૯)

બાબરા નિવાસી (હાલ બોરીવલી વેસ્ટ)

પિતા.... અમારૂ સાહસ અમારૂ મનોબળ અમારા પિતા !
અમારી તાકાત અમારી ઓળખાણ અમારા પિતા !
અમારા જીવનને સરળ બનાવનાર તારણહાર અમારા પિતા !
આખા ઘરની રોનક એમનાથી ઘરનું માન અને મોભો અમારા પિતા !
મકાનને ઘર બનાવનાર અમારા પિતા !
વ્યક્તિ એક પણ વિશેષતાઓ અનેક એવા અમારા પિતા !
પિતા સ્વરૂપે સર્જનહાર એવા અમારા પિતા !

### શોકમગ્ન

ધર્મપત્ની: રમાબેન આત્મારામભાઈ જગડા
પુત્ર: કિરીટભાઈ આત્મારામભાઈ જગડા
પુત્ર: ભરતભાઈ આત્મારામભાઈ જગડા
પૌત્ર: અમિત ભરતભાઈ જગડા
પૌત્ર: અજય કિરીટભાઈ જગડા
પૌત્ર: અમરીશ ભરતભાઈ જગડા

પુત્રવધુ: સરોજબેન કિરીટભાઈ જગડા
પુત્રવધુ: રૂપાબેન ભરતભાઈ જગડા
પૌત્રવધુ: મીશા અમિત જગડા
પૌત્રવધુ: તન્વી અજય જગડા
પરપૌત્ર: અંશ અમિત જગડા
પરપૌત્રી: હશ્વી અજય જગડા

**બાબરાવાળા જગડા પરીવારના જય શ્રી કૃષ્ણ**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. મંજુલાબેન પ્રદીપભાઈ ધકાણ

### મોટી વાવડી (હાલ સુરત)

**શ્રીજીચરણ : બુધવાર, તા. ૨૭-૧૧-૨૦૨૪**

મંજુલાબેનના પરિવારજનોએ સમાજસેવા માટે એક મહાન ઉદાહરણ સ્થાપિત કર્યું છે. સુરત સોની સમાજને ઉદાર દાન આપીને તેમણે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આ સાથે જ રાજકોટ, જામનગર અને મુંબઈના સોની સમાજ માટે પણ દાન આપીને સમાજ સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી છે. તેમના પરિવારજનો દ્વારા દર્શાવેલી ઉદારતા અને સામાજિક જવાબદારી સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે અને દરેકને સમાજકલ્યાણ માટે આગળ આવવા પ્રોત્સાહિત કરે છે.

**કૃતજ્ઞ કુટુંબ**

પ્રદીપભાઈ રામભાઈ ધકાણ
સીએ ગોપાલ પ્રદીપભાઈ ધકાણ
સાધના મંથન થડેશ્વર
આરતી નીકુંજ થડેશ્વર
સીએ જયરાજ પ્રદીપભાઈ ધકાણ

કુંદનબેન ભૂપતભાઈ સાગર
મનુભાઈ રામભાઈ ધકાણ
કિશોરભાઈ રામભાઈ ધકાણ
ઉષાબેન હરેશભાઈ સાગર
હિતેશભાઈ રામભાઈ ધકાણ

સ્વ. રામભાઈ ગિરધરભાઈ ધકાણ પરિવાર (મોટી વાવડી-સુરત)

સદ્‌ગત્ આત્માને ઈશ્વર તેમના ચરણોમા સ્થાન આપે તેવી પ્રાર્થના. ઈશ્વર આપના પરિવારને આ દુઃખદ ઘડીમાંથી પસાર થવા શક્તિ આપે એવી હૃદયપૂર્વક પ્રાર્થના સહ...

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**

PARAJIA SONI SANDESH (Monthly) • JANUARY 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726 • Postal Regn. No.: MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :
શ્રી મુંબઈ ઉપનગર પરજિયા
સહકારી સોસાયટી
સંચાલિત
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,